૨૧, ડિસેમ્બર ૨૦૨૨

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ ખાતે વિશાળ જગ્યામાં MSME ભવન બનાવવા MSME ના જોઈન્ટ ડાયરેકટરશ્રીને રજુઆત કરવામાં આવી.

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ ઉત્પાદનથી લઈ વાણિજય, નિકાસ અને સંવા સંબધીત દરેક ક્ષેત્રોમાં સમગ્ર ગુજરાતમાં રાજકોટ જીલ્લાને મુખ્ય મથક માનવામાં આવે છે અને ૮૫ હજારથી પણ વધુ MSME ઉધોગો કાર્યરત છે. રાજયની અર્થવ્યવસ્થાને વેગવંતી બનાવવામાં MSME એકમોનો સિંહફાળો રહેલ છે તેમજ આત્મનિર્ભર ગુજરાતના વિઝનને વેગ આપવા પણ મહત્વપુર્ણ સાબીત થઈ રહયું છે.

ત્યારે રાજકોટમાં હાલમાં કાર્યરત તેમજ નવા સ્થપાતા MSME એકમોનો વધુ વિકાસ થાય અને દેશ તથા રાજયના અર્થતંત્રના વિકાસમાં સહભાગી બની શકે તે શુભ આશયથી રાજકોટ ખાતે ઓછામાં ઓછું ૧૦૦૦ ચો.મી. માં તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવું ખુબ જ જરૂરી છે. હાલમાં આવું MSME ભવન અમદાવાદ ખાતે કાર્યરત છે. તેથી રાજકોટ ખાતે તાત્કાલીક MSME બનાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા MSME ના જોઈન્ટ ડાયરેકટરશ્રી વિકાસ કુમાર ગુપ્તા, રાજકોટ જીલ્લા કલેકટરશ્રી અરૂણ મહેશ બાબુ, રાજકોટ MSME બ્રાન્ચના આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રીમતી સ્વાતી અગ્રવાલ તથા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી કે. વી. મોરીને રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.